**મહારાષ્ટ્ર સરકારનો મોટો નિર્ણય**

# પ્રધાનોના બંગલાને કિલ્લાઓના નામ



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યની દુકાનોના નામના પાટિયાના નામ મરાઠીમાં કરવાનો નિર્ણય બુધવારે લીધા બાદ હવે મહારાષ્ટ્ર સરકારના પ્રધાનોને આપવામાં આવેલા બંગલાના નામ છત્રપતિ શિવાજી મહારાજ દ્વારા બનાવવામાં આવેલા કિલ્લાઓના નામ પર રાખીને રાજ્યનો કારભાર શિવશાહી મુજબ ચાલી રહ્યો હોવાનું દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મુંબઈ મનપાની ચૂંટણી પહેલાં કરવામાં આવેલા આ પેંતરાથી કેટલા લોકો છેતરાય છે તે જોવાનું રહેશે.

અત્યાર સુધી મહારાષ્ટ્રના પ્રધાનોના મંત્રાલયની સામે આવેલા બધા જ બંગલા ફક્ત નંબરથી ઓળખાતા હતા, હવે તેને સ્થાને છત્રપતિ શિવાજી મહારાજના ગઢ અને કિલ્લાના નામ આ બંગલાઓને આપવામાં આવશે. આ અંગેનો સત્તાવાર પત્ર સાર્વજનિક બાંધકામ વિભાગના મુંબઈ મંડળના સુપરિન્ટેન્ડેન્ટ એન્જિનિયર પ્રમોદ બનગોસાવીએ મુંબઈ શહેરના એક્ઝિક્યુટિવ એન્જિનિયરને મોકલાવેલા પત્રમાં ક્યા બંગલાનું નામ ક્યા કિલ્લા પરથી રાખવાનું તેની માહિતી આપવામાં આવી છે.

## આદિત્ય ઠાકરેનો બંગલો રાયગઢ અને જિતેન્દ્ર આવ્હાડનો શિવગઢ

કોના બંગલાને ક્યું નામ

| પ્રધાન | બંગલો | નવું નામ |
|---|---|---|
| આદિત્ય ઠાકરે | એ-૬ | રાયગઢ |
| જિતેન્દ્ર આવ્હાડ | એ-૩ | શિવગઢ |
| દાદા ભુસે | એ-૪ | રાજગઢ |
| કે. સી. પાડવી | એ-૫ | પ્રતાપગઢ |
| ------ | એ-૯ | લોહગઢ |
| વિજય વડેટ્ટીવાર | બી-૧ | સિંહગઢ |
| ઉદય સામંત | બી-૨ | રત્નસિંધુ |
| અમિત દેશમુખ | બી-૩ | જંજિરા |
| વર્ષા ગાયકવાડ | બી-૪ | પાવનગઢ |
| હસન મુશ્રીફ | બી-૫ | વિજયદુર્ગ |
| યશોમતી ઠાકુર | બી-૬ | સિદ્ધગઢ |
| સુનિલ કેદાર | બી-૭ | પન્હાળગઢ |
| ગુલાબરાવ પાટીલ | ક-૧ | સુવર્ણગઢ |
| સંદીપન ભુમરે | ક-૨ | બ્રહ્મગિરિ |
| ------- | ક-૩ | પુરંદર |
| ------- | ક-૪ | શિવાલય |
| અનિલ પરબ | ક-૫ | અજિંક્યતારા |
| બાળાસાહેબ પાટીલ | | ક-૬ પ્રચિતગઢ |
| ------- | ક-૭ | જયગઢ |
| ------- | ક-૮ | વિશાલગઢ |

# દુકાનોના પાટ્યા બદલવાનો કે તૂટેલા કાચ બદલી કરવાનો ખર્ચ વધુ?: મનસેની ધમકી

દુકાનો પર મોટા અક્ષરે મરાઠીમાં નામ લખવાના રાજ્ય સરકારના નિર્ણયનો મુંબઈ ટ્રેડર્સ સંગઠનના અધ્યક્ષ વિરેન શાહે વિરોધ કર્યો છે ત્યારે મનસેએ રાજ્ય સરકારના નિર્ણયને સમર્થન આપતા વેપારી સંગઠનોને દુકાનોના કાચ તોડી પાડવાની આડકતરી રીતે ધમકી આપી છે. મનસેના નેતા સંદીપ દેશપાંડેએ કહ્યું હતું કે તમામ વેપારીઓનો વિરોધ નથી. બહુ ઓછા જણ હશે જેઓ વિરોધ કરી રહ્યા છે. વેપારીઓને એટલું જ કહેવાનું છે કે તમે મહારાષ્ટ્રમાં રહો છો, અહીંની સુખ-સુવિધા વાપરી રહ્યા છો, મહારાષ્ટ્રની જમીનનો ઉપયોગ કરી રહ્યા છો, મરાઠી લોકો સાથે વેપાર કરો છે, અહીંનુ પાણીને વીજળી વાપરો છો. તેથી મરાઠી ભાષાનો વિરોધ કરી શકો નહીં.

વિરોધ કરનારા વેપારીઓને એટલું જ કહેવાનું કે દુકાનાના પાટ્યા બદલવાનો ખર્ચ વધુ છે કે તુટેલા કાચ બદલી કરવાનો ખર્ચ? વિરોધ કરવા પહેલા તેનો વિચાર જરૂર કરજો, એમ તેમણે નિર્ણય ન માનનારા વેપારીઓને આડકતરી રીતે ધમકી આપી હતી.



(અમય ખરાડે)

## ભિંડીબજાર, ભાયખલાની દુકાનોના પાટ્યા બદલીને દેખાડો

### ભાજપનો સંજય રાઉતને પડકાર

મુંબઈઃ મહારાષ્ટ્રની તમામ દુકાનો પર મોટા અક્ષરે મરાઠીમાં નામ લખવાના રાજ્ય પ્રધાનમંડળના નિર્ણયનો વેપારી સંગઠનો અને કેટલાક રાજકીય પક્ષો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે ત્યારે આ મુદ્દો પોતાના હાથમાંથી નીકળી ન જાય તે માટે શિવસેના વધુ આક્રમક જણાઇ રહી છે.

દુકાનો પર મરાઠી પર નામ લખવા પ્રકરણે થઇ રહેલા વિરોધ પર પ્રતિક્રિયા વ્યક્ત કરતા શિવસેનાના નેતા સંજય રાઉતે કહ્યું હતું કે 'તમિળનાડુ, બિહાર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, પંજાબ, મહારાષ્ટ્ર અથવા કર્ણાટક એમ દરેક રાજ્યને ભાષાનો અધિકાર છે. તેમાં વિરોધ શું કરી રહ્યા છો? તમને મુંબઈમાં રહેવાનું છે, મહારાષ્ટ્રમાં રહેવાનું છે એ ભૂલો નહીં. તમને અહીં રહેવાનું છે, વેપાર કરવાનો છે. આ કંઇ વ્યક્તિગત અથવા રાજકીય વિવાદ નથી.

વેપારીઓનું કહેવું છે કે દુકાનો પર કઇ ભાષામાં નામ લખવું એ વેપારીઓનો અધિકાર છે. રાજ્ય સરકારનો નિર્ણય અન્યાયકારક છે. દુકાનદારોને રાજકારણથી દૂર રાખો.

એમઆઇએમના સાંસદ ઇમ્તિયાઝ જલીલે આ નિર્ણયની ટીકા કરતા કહ્યું હતું કે મરાઠી પર એટલો પ્રેમ હોય તો સરકારી ખર્ચે દુકાનોના પાટીયા બદલો. તેના પર પ્રતિક્રિયા આપતા રાઉતે કહ્યું હતું કે તમે મહારાષ્ટ્રમાં રહો છો,

(જુઓ પાનું ૪) ▶▶

# ઉદ્ધવ ઠાકરે પાલિકાના કાર્યક્રમમાં હાજર રહ્યા, વડા પ્રધાનની બેઠકમાં નહીં

### ભાજપે કાઢી ઝાટકણીઃ ઘરની બહાર નીકળી ન શકતા હોય તો બીજાને સત્તા સોંપી દે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ શુક્રવારે મુંબઈ મહાનગરપાલિકાના એપના ઉદ્ઘાટનના કાર્યક્રમમાં હાજરી આપતાં વિપક્ષ ભારતીય જનતા પાર્ટીએ તેમની આકરી ટીકા કરી છે. રાજ્ય વિધાનસભાના અધિવેશનમાં મુખ્ય પ્રધાન હાજરી આપતા નથી, વડા પ્રધાન દ્વારા બોલાવવામાં આવેલી અત્યંત મહત્ત્વની કોરોના સંબંધી બેઠકમાં પણ મુખ્ય પ્રધાન હાજરી આપતા નથી, પરંતુ બીજા જ દિવસે મુંબઈ મનપાના એક નાના એપના ઉદ્ઘાટનના કાર્યક્રમમાં હાજરી આપે છે. ૧૦-૧૨ કલાકમાં એવી તે કઈ જાદુની છડી ફેરવાઈ ગઈ કે તેમની તબિયત સારી થઈ ગઈ અને તેઓ પાલિકાના કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચી ગયા. ઉદ્ધવ ઠાકરે રાજ્યના મુખ્ય પ્રધાન છે કે ફક્ત મુંબઈના? એવા શબ્દોમાં ભાજપના વિધાન પરિષદના વિપક્ષીનેતા પ્રવીણ દરેકરે ઉદ્ધવ ઠાકરેની ટીકા કરી હતી.

બીજી તરફ ભાજપના મહારાષ્ટ્ર પ્રદેશ અધ્યક્ષ ચંદ્રકાંત પાટીલે ઉદ્ધવ ઠાકરેને એવો ટોણો માર્યો હતો કે સરવાઈકલ સ્પાઈન સર્જરી બાદ હજી સુધી સારા થઈ રહેલા ઉદ્ધવ ઠાકરેએ પોતાની સત્તાઓ પોતાના કોઈ કેબિનેટના સાથીને હસ્તાંતરિત કરી નાખવી જોઈએ. જો તેમને અન્ય કોઈ સાથી પર ભરોસો ન હોય તો પોતાના પુત્ર આદિત્ય ઠાકરેને જવાબદારી આપવી જોઈએ.

લોકો કહી કહ્યા છે કે મુખ્ય પ્રધાન છેલ્લા ૭૦ દિવસમાં કોઈને મળ્યા નથી. આથી હવે મુખ્ય પ્રધાને પોતાની સત્તાઓ કોઈને હસ્તાંતરિત કરી નાખવી જોઈએ, જેઓ તેમનાવતી દૈનિક બેઠકોમાં હાજરી આપી શકે અને રાજ્યની વિવિધ સ્થળોની મુલાકાત લઈ શકે. તેઓ મારા મિત્ર છે અને તેથી ઝડપથી સારા થઈ જાય એવી અમે શુભકામના આપીએ છીએ. જોકે, ૧૨ કરોડની વસ્તી ધરાવતા રાજ્યનું સંચાલન કરવાનું નાનું કામ

(જુઓ પાનું ૪) ▶▶

# પાલિકાએ બહાર પાડી સેલ્ફ ટેસ્ટ કિટની ગાઈડલાઈન

**છૂપાછૂપી રોકવા પાલિકાએ બનાવ્યા નિયમ**




(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોરોનાની ત્રીજી લહેર દરમિયાન ઘરમાં જ કરવામાં આવી રહેલા ઍન્ટીજન ટેસ્ટ કિટની માગણીમાં થયેલા વધારાને પગલે આરોગ્ય વિભાગની ચિંતા વધી ગઈ છે. પાલિકાના અધિકારીઓના કહેવા મુજબ લોકો ઘરે જ ટેસ્ટ કર્યા બાદ પોઝિટિવ આવ્યા બાદ તેની જાણ પાલિકાને કરતા નથી. તેથી સેલ્ફ કિટનું ઉત્પાદન કરનારા, તેનું વેચાણ કરનારાએ કોને કિટ વેચી તેની જાણ પાલિકાને કરવાની ફરજિયાત રહેશે એવી નવી ગાઈડલાઈન મુંબઈ મહાનગરપાલિકાએ બહાર પાડી છે.

પાલિકાના આરોગ્ય ખાતાના જણાવ્યા મુજબ છેલ્લા થોડા દિવસમાં મુંબઈમાં લગભગ ૩ લાખની આસપાસ સેલ્ફ કિટ વેચાઈ હતી. તેમાંથી માંડ ૯૯,૦૦૦ લોકોએ તેમના રિપોર્ટ પાલિકાની ઍપ અપલોડ કર્યા હતા. પાલિકાના નિયમ મુજબ સેલ્ફ ટેસ્ટ કરનારાએ તેમના રિપોર્ટ પાલિકાને જાણ કરવા આવશ્યક છે. જોકે લોકો પોતાના રિપોર્ટ ઍપ અપડેટ કરતા નથી,

તેને કારણે કોરોનાનો ચોક્કસ આંકડો ખબર

(જુઓ પાનું ૪) ▶▶

# સતત બીજા દિવસે નવા કેસની સંખ્યા ઘટી અને ડિસ્ચાર્જ દર્દીની સંખ્યા વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ૧૪મી જાન્યુઆરીના મકરસક્રાંતિના તહેવારના દિવસે મુંબઈમાં સતત બીજા દિવસે મહાનગર પાલિકાની હદમાં કોરોનાના કેસમાં ઘટાડાની સાથે સાજા થનારા દર્દીની સંખ્યા ૨૨,૦૦૦ને પાર કરી હતી, તેથી પ્રશાસને રાહતનો શ્વાસ લીધો હોવાનું જણાવ્યું હતું.

શુક્રવારે મુંબઈમાં કોરોનાના ૧૧,૩૧૭ નવા કેસ નોધાયા હતા, જ્યારે ગુરુવારે ૧૩,૭૦૨ કેસ નોંધાયા હતા. જોકે, ગુરુવારની તુલનામાં શુક્રવારે નવા નોંધાયેલા કેસમાં ૧૭ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે સાજા થનારા દર્દીની સંખ્યામાં ૫.૮૭ ટકાનો વધારો થયો હતો. એ જ પ્રકારે ૨૪ કલાકમાં કોરોનાથી ૨૨,૦૭૩ દર્દી સાજા થયા હતા, જેથી કુલ રિકવર કેસની સંખ્યા ૮,૭૭,૮૮૪ થઈ છે. મુંબઈમાં કોરોનાનો રિકવરી રેટ ૮૯ ટકા થયો છે.

કોરોનાને કારણે શુક્રવારે નવ દર્દીનાં મોત થયા હતા, જેમાં કુલ મૃત્યુ પામનારાની સંખ્યા ૧૬,૪૩૫ થઈ છે. એક દિવસમાં નવા કેસ

(જુઓ પાનું ૪) ▶▶

# ભાજપ સ્થાયી સમિતિ અધ્યક્ષ સામે લાવશે અવિશ્વાસનો પ્રસ્તાવ

### ભાજપે મેયરને લખ્યો પત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની સભાનું કામકાજ ઓનલાઈન પદ્ધતિએ થઈ રહ્યું છે. શુક્રવારે પાર પડેલી બેઠકમાં અનેક મહત્વના વિષયો પર સ્થાયી સમિતિના અધ્યક્ષ યશવંત જાધવે ભાજપને બોલવાની તક આપી નહોતી. તેથી એક પ્રકારે અધ્યક્ષ ભ્રષ્ટાચાર ના મુદ્દા પર બોલવા ન દેતા કોઈ પણ પ્રકારની ચર્ચા વિના બહુમતીએ પ્રસ્તાવ મંજૂર કરીને લોકશાહીનું ગળુ દબાવી નાખ્યી હોવાનો આરોપ ભાજપે કર્યો છે. ભાજપ તેમના વિરોધમાં અવિશ્વાસનો ઠરાવ લાવી છે અને સ્થાયી સમિતિના નવ સભ્યોના હસ્તાક્ષર સાથે આ પત્ર મેયરને આપ્યો છે.

(જુઓ પાનું ૪) ▶▶

# અંડર ગ્રાઉન્ડ ટનલના ખોદકામમાં મુંબઈ મનપાની વિક્રમી કામગીરી

### અમર મહેલથી પરેલ વૉટર ટનલમાં એક મહિનામાં પર૫ મીટરનું ખોદકામ થયું



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોસ્ટલ રોડ માટે ટનલનું ખોદકામ વિક્રમી સમયમાં પૂરું કર્યા બાદ મુંબઈ મહાનગરપાલિકાએ હવે અંડર ગ્રાઉન્ડ વોટર ટનલના કામમાં વિક્રમી કામગીરી પાર પાડી છે. એક મહિનામાં ૫૨૬ મીટરનું ખોદકામ તો એક જ દિવસમાં ૪૦ મીટર કરતા વધુ ખોદકામ કરવાની કામગીરી એક જ અઠવાડિયામાં બે વખત પૂરી કરી છે. આ બંને ટનલનું ખોદકામ પૂરું થયા બાદ સો કિલોમીટર કરતા વધુ અંતરના વિસ્તારમાં પાણી પુરવઠા માટે અંડર ગ્રાઉન્ડ ટનલ ધરાવતું મુંબઈ દુનિયાનું બીજું શહેર બની જશે.

પૂર્વ ઉપનગરમાં પાણી પુરવઠામાં સુધારો કરવા માટે બે અંડર ગ્રાઉન્ડ ટનલ બાંધવામાં આવી રહી છે. ઘાટકોપરમાં અમર મહલથી પરેલ વચ્ચે બની રહેલી

(જુઓ પાનું ૪) ▶▶

# ગુનો રદ કરવા માટે વૃક્ષારોપણની 'સજા'

### આરોપી સહિત ફરિયાદીને પણ વૃક્ષ લગાવવાનું કહ્યું

મુંબઈઃ પાડોશમાં રહેતી મહિલાનો વિનયભંગ કરવા પ્રકરણે દાખલ કરાયેલો ગુનો રદ કરવાનો હશે તો પોતાના વિસ્તારમાં વ્યક્તિદીઠ દસ વૃક્ષ લગાવવાનો આદેશ હાઇ કોર્ટે આરોપી અને ફરિયાદી મહિલાને આપ્યો હતો. પરસ્પર સમજૂતી દ્વારા ગુનો રદ કરવાની માગણી બન્નેએ કર્યા બાદ કોર્ટે ઉક્ત આદેશ આપ્યો હતો.

વિક્રોલી પોલીસે ૨૦૧૮માં દાખલ કરેલો ગુનો રદ કરવાની માગણી સંજય ગાંગુર્ડેએ કરી હતી. હાઇ કોર્ટમાં આ પ્રકરણે તાજેતરમાં જ સુનાવણી થઇ હતી જેમાં આરોપી અને ફરિયાદીએ સોગંદનામું રજૂ કરીને પરસ્પર સમજૂતીથી કેસ રદ કરવાની માગણી કરાઇ હતી.

'અમે એક જ વિસ્તારમાં રહેતા હતા અને

(જુઓ પાનું ૪) ▶▶

**અહમદનગરમાં નિંદનીય બનાવ**

# હૉસ્પિટલે દાખલ ન કરતા મહિલાની પ્રસૂતિ રોડ પર થઇ

અહમદનગરઃ મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લામાં શરમજનક ઘટના બની હતી. ગ્રામીણ હોસ્પિટલમાં ડિલિવરી માટે ગયેલી એક મહિલાને દાખલ કરવામાં ન આવતા હોસ્પિટલની બહાર રોડ પર જ તેની ડિલિવરી થઇ હતી.

પ્રસૂતિ પીડાથી પીડાઇ રહેલી મહિલાને લઇને તેનો પતિ હોસ્પિટલમાં ગયો હતો, પરંતુ ડોક્ટરોએ કહ્યું કે હજી ડિલિવરીનો સમય આવ્યો નથી. મહિલા દરદથી કરગરી રહી

(જુઓ પાનું ૪) ▶▶

# કારશેડનો વિવાદ યથાવત્‌ઃ મેટ્રો-થ્રી માટે ત્રણ રેક તૈયાર

### રેક ડિલિવરી માટે કારશેડ જ ઉપલબ્ધ નહીં...

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની સૌથી પહેલી અંડરગ્રાઉન્ડ મેટ્રો-થ્રી (બાંદ્રાથી કોલાબા-સિપ્ઝની) યોજના માટે કારશેડ નિર્માણનો મુદ્દો વિવાદમાં રહ્યો પણ આ યોજના માટે બે વર્ષમાં પાંચ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે, એમ સત્તાવાર જણાવ્યું હતું.

હાલમાં કારશેડ માટે જગ્યા ઉપલબ્ધ નહીં હોવાથી મેટ્રો માટે તૈયાર કરાયેલી રેકને ક્યાં પાર્ક કરવાનો એ બાબતમાં સમસ્યા છે, પરંતુ એના સિવાય મેટ્રો-થ્રી માટે સિવિલ તથા ટનલિંગ સહિત અન્ય કામગીરી પૂરી કરવામાં આવી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

જોકે, કારશેડનો વિવાદ તથા અન્ય કારણોને લઈ મેટ્રો-થ્રી યોજનાનો કુલ ખર્ચ ૧૦,૦૦૦ કરોડ

(જુઓ પાનું ૪) ▶▶

# પ્રતાપ સરનાઈકની બિલ્ડિંગનો ચાર કરોડનો દંડ માફ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેનાના વિધાનસભ્ય પ્રતાપ સરનાઈકને રાહત આપવાનો નિર્ણય લેતાં રાજ્યની કેબિનેટની બેઠકમાં થાણેના પોખરણ રોડ નંબર એક પર આવેલી તેમની છાબય્યા વિહંગ ગાર્ડન નામની હાઉસિંગ કોલોનીને અનધિકૃત બાંધકામ માટે થાણે મનપા દ્વારા કરવામાં આવેલા રૂ.

(જુઓ પાનું ૪) ▶▶

# રસી લેનારાને જ લોકલમાં યાત્રા કરવાના નિયમને કારણે રસીકરણને મળ્યું પ્રોત્સાહન

▶ 'ડબલ વૅક્સિનેટેડ' પ્રવાસીઓને લોકલ ટ્રેનમાં પ્રવાસની મંજૂરી! ▶ મુંબઈગરાને સુરક્ષિત રાખવામાં 'લાઈફલાઈન' નિમિત્ત બની

*ક્ષિતિજ નાયક*

મુંબઈઃ નવા વેરિયન્ટ ઓમાઈક્રોનની સાથે કોરોનાના વધતા સંક્રમણને કારણે મહારાષ્ટ્રમાં કડક નિયંત્રણો જાહેર કરવામાં આવ્યા છે, પરંતુ આજની તારીખે મુંબઈ સબર્બન રેલવેમાં લોકલ ટ્રેનોમાં કોઈ નિયંત્રણો મૂકવામાં આવ્યા નથી. લોકલ ટ્રેનો ફુલ ક્ષમતાથી દોડાવવાની સાથે રસીના બંને ડોઝ લેનારા લોકો પણ ટ્રાવેલ કરે છે, તેનાથી રેલવે-રાજ્ય સરકારના નિયમોએ મુંબઈગરાને સુરક્ષિત રાખ્યા હોવાનું કહી શકાય, એમ અધિકારીએ જણાવ્યું હતું. અગાઉ બૃહદ મુંબઈ મહાનગર પાલિકાના કમિશનર ઈકબાલસિંહ ચહલ તથા મુંબઈનાં મેયર કિશોરી પેંડણેકરે પણ કહ્યું હતું કે મુંબઈમાં કોરોનાના કેસમાં વધારો થયો છે, પરંતુ સૌથી વધારે હૉસ્પિટલમાં દાખલ થનારા લોકોમાં રસી નહીં લેનારા લોકોનો સમાવેશ થાય છે, તેથી તેમણે પણ લોકોને મહત્તમ રસી લેવા પર ભાર મૂકવાનું જણાવ્યું હતું.

અલબત્ત, લોકલ ટ્રેનમાં રસીના બંને ડોઝ લેનારાને ટ્રાવેલ કરવાની મંજૂરી આપે એ મુદ્દે મુંબઈગરાને સુરક્ષિત રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. મુંબઈ સહિત અનેક શહેરોમાં રસી લેવામાં અગાઉ લોકો ઉત્સાહ દાખવતા નહોતા, પરંતુ રાજ્ય સરકાર અને રેલવેએ બનાવેલા નિયમોને કારણે મુંબઈમાં ૮૩ લાખથી વધુ લોકોએ રસીના બંને ડોઝ લીધા હતા. રસી લેવામાં લોકોએ નોંધપાત્ર સંખ્યામાં ઉત્સાહ દાખવ્યો છે, તેથી લોકો લોકલ ટ્રેનમાં ટ્રાવેલ પણ કરે છે તથા સંક્રમણના વધારે ભોગ બન્યા નથી, એમ મધ્ય રેલવેના વરિષ્ઠ જનસંપર્ક અધિકારી એ. કે. જૈને જણાવ્યું હતું.

મુંબઈમાં છેલ્લા દસ દિવસમાં સરેરાશ રોજના કેસની સંખ્યા ૧૦,૦૦૦થી લઈને ૧૬,૦૦૦ની આસપાસ રહી છે, પરંતુ ડિસ્ચાર્જ થનારાની સંખ્યાની સાથે એસિમ્પ્ટોમેટિક દર્દીઓની સંખ્યા વધારે છે. એટલું જ નહીં, હૉસ્પિટલમાં દાખલ થનારાની સંખ્યાનું પ્રમાણ દસ ટકાની આસપાસ છે, તેથી ડરવાનું જરૂરી નથી, પરંતુ સુરક્ષાના તમામ પગલાં ભરવાનું આવશ્યક છે, એમ પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

૨૫મી ઑક્ટોબરથી મુંબઈમાં કોરોના પ્રતિરોધક રસીના બંને ડોઝ લેનારા લોકોને ટ્રેનમાં ટ્રાવેલ કરવાની મંજૂરી આપી હતી. એ વખતે ૯૦થી ૯૫ ટકાની ક્ષમતા સાથે ટ્રેનો દોડાવાતી હતી, પરંતુ ટ્રેનોમાં શરતી ટ્રાવેલ કરવાની મંજૂરી આપ્યા પછી મુંબઈ સબર્બનમાં ૧૦૦ ટકા ક્ષમતા સાથે ટ્રેનો દોડાવવાનું ચાલુ

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" newspaper (Periodicity-Daily) Printed and Published at their press "Mumbai Samachar" by Meherwanji Rustomji Cama at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708. on behalf of the owners The Bombay Samachar Pvt. Ltd. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**